## જન્મદિને વધામણી


પ્રાર્થના એસ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫


મીરાબેન શિવશંકર દવે
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬


નયન સોલંકી
પ્રમુખ, છેડાલ પરગણા વણકર સમાજ
મો. ૯૮૨૪૪ ૭૭૮૭૮


ધીમંત પ્રા ભટ્ટ
કારોબારી સભ્ય, કચ્છ મિત્ર મંડળ, ફોન : ૨૩૨ ૮૮૫૦૩
મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦


વિરેન્દ્રભાઈ જે મણિયાર
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

# ગાંધીનગરમાં રાજ્યકક્ષાની બૅડમિંટન સ્પર્ધા


કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત અને ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી આયોજિત રાજ્યકક્ષાની અન્ડર-૧૭ બૅડમિંટન સ્પર્ધા સૅક્ટર-૨૧, જીમખાના ખાતે યોજવામાં આવી હતી, જેમાં રાજ્યભરના ૨૩ જિલ્લાઓના ૩૩૦ જેટલા ખેલાડી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં અધ્યાપિકાનું કાલિદાસનાં કાવ્યો પર સંશોધન કાર્ય

ગાંધીનગર, તા. ૩૧

ઉમા આટ્ર્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ તથા ઍસોસિએટ પ્રૉફસર મિતા આર શાહે કડી સર્વ વિશ્વવિદ્યાલયના રિસર્ચ સૅલ તરફથી આર્થિક સહાય પ્રાપ્ત કરીને તાજેતરમાં રિસર્ચ પ્રૉજેક્ટ 'ઈકો ક્રિટીસિઝમ ઈન સિલેક્ટ પોએમ્સ ઑફ કાલિદાસ' પૂર્ણ કરેલ છે, જેને વિશ્વવિદ્યાલયના સિસર્ચ સૅલના ડિન પ્રૉ. ડૉ. રાજમલ જૈન દ્વારા પ્રમાણભૂત કરતાં એમને અભિનંદન પાઠવ્યા છે.

ઈકો ક્રિટીસિઝમ થિયરી ૧૯૯૬માં જ સ્વીકૃત થયેલ છે, જેમાં પ્રકૃતિ નિરૂપણ, પ્રકૃતિ સંવર્ધન, પ્રકૃતિની માનવજીવન ઉપર અસર, પ્રાણી-પક્ષીઓનું રક્ષણ, સમાજ તથા સંસ્કૃતિનું પ્રકૃતિ, માનવ સમાજ તથા સંસ્કૃતિ સાથેનું તાદાત્મ્ય તથા સુસંવાદિતા વગેરે તત્ત્વોનો અભ્યાસ થાય છે. અત્યારે ગ્લોબલ વૉર્મિંગના કારણે ઋતુચક્રમાં પરિવર્તન જોવા મળે છે. આ થિયરી દ્વારા વ્યક્તિને પ્રકૃતિનો દુરુપયોગ ન થાય તેવી ચેતવણી આપવામાં આવી છે અને તેની જાળવણી માટે સજાગ રહેવાની વ્યક્તિને શીખ આપવામાં આવે છે.

કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત સાહિત્યના પ્રખ્યાત કવિ અને નાટ્યકાર છે, તેમનાં છંદોબધ્ધ પ્રકૃતિ તથા ઉર્મિકાવ્યો ઋતુસંગાર અને મેઘદૂતના પ્રતિબિંબિત ઈકોક્રીટીકલ તત્ત્વો ઉદાહરણ સહિત આ સંશોધનમાં દર્શાવેલ છે. આમ, આ સંશોધનમાં પશ્ચિમની થિયરી અને ભારતીય કૃતિઓના સુભગ સમન્વય થયેલો છે અને આ રીતે આ ક્લાસીકલ કૃતિઓ પશ્ચિમ થિયરીના નવા અભિગમથી અહીં પ્રસ્તુત થયેલ છે. ઈન્ટ ડીસીપ્લીનરી સંશોધન ક્ષેત્રમાં આ સંશોધન કાર્યને એક નૂતન તથા આગવું પ્રદાન કહી શકાય.

તેમની આ સફળતા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, કૉલેજનાં આચાર્ય અમૃતાબેન પટેલ અને સમગ્ર કૉલેજ પરિવારે મિતાબેનને અભિનંદન પાઠવ્યા છે.

## પંચમહાલના મોરડુંગરા ગામમાં સરદાર જન્મજયંતિની ઉજવણી



ગાંધીનગર, તા. ૩૧

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં પંચમહાલના મોરડુંગરા ગામમાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત માનવ મહેરામણ મધ્યે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

પૂ. આચાર્યસ્વામીજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આપણો દેશ ભારત રાષ્ટ્રના ઘડવૈયા અને સિંહ પુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ ઉજવે છે એ પ્રેરણાદાયી વાત છે. તેઓ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનુયાયી, ભગવાનના રંગે રંગાયેલા અને ભગવાનના આદેશને અનુસરતા હતા. આપણા મહાન રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સદૈવ જળવાઈ રહે તે માટે તેમણે ભગીરથ પ્રયત્નો કર્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલે ૧૧૫ વર્ષ પૂર્વે પોતાની કારકિર્દીનો પ્રારંભ ગોધરાથી કરેલો. તેમણે ગોધરામાં રાષ્ટ્રીય એકતાની પ્રથમ પરિષદ મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા હેઠળ યોજી હતી અને આ પરિષદના આયોજક સરદાર વલ્લભભાઈ પટેલ હતા.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર બાંધવામાં આવેલ સરદાર સરોવર ડેમ, કેવડીઆ કૉલોની ખાતે શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર દ્વારા ૧૭ વર્ષ પૂર્વે સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમા લાખો રૂપિયાના ખર્ચે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી.

આપણા રાષ્ટ્રને આવા નીડર અને બાહોશ રત્નો મળતા રહે એવી પ્રાર્થના તેમણે વ્યક્ત કરી હતી.

## રંગોલી ઈન્ટરનૅશનલ સ્કૂલ ખાતે વાર્ષિક પ્રૉજેક્ટ પ્રદર્શન યોજાયું



ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર-ચિલોડા રોડ ઉપર સ્થિત શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વાર્ષિક પ્રૉજેક્ટ્સનું ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શન દરમ્યાન શાળાનાં બાળકો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ પ્રોજેક્ટ્સનું દશ્ય-શ્રાવ્ય માધ્યમથી નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રિ-પ્રાઈમરી વિભાગનાં બાળકોએ સ્કીટ દ્વારા 'કૉમ્યુનિટી હૅલ્પર્સ' વિષય ઉપર તૈયાર કરાયેલા પ્રૉજકટસનું અને પ્રાઈમરી વિભાગનાં બાળકોએ 'ઑલ્ટરનેટીવ ઍનર્જી સોર્સ' વિષય પર તૈયાર કરેલા પ્રાજૅક્ટ્સનું સુંદર નિદર્શન કર્યું હતું. આ પ્રદર્શનમાં વાલીઓ અને નગરજનોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ વિદ્યાર્થીઓ, શાળા માટે પ્રોત્સાહક રહ્યું હતું.

આ પ્રસંગે રંગોલી ગૃપ ઑફ ઈન્સ્ટીટ્યુટના ચૅરમૅન પ્રહર અંજારિયા, મૅનૅજિંગ ડિરેક્ટર અનામિકા અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. શાળાનાં આચાર્ય ડૉ. અંજુ વર્માએ પ્રદર્શનને સફળ બનાવવામાં સહકાર આપવા બદલ સૌનો આભાર માન્યો હતો.

## લાયોનેસ ક્લબ દ્વારા આઈ ચૅક-અપ કૅમ્પ



ગાંધીનગર, તા. ૩૧

લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા ધણપ ખાતે આઈ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૅમ્પમાં ૨૬૩ જેટલા પેશન્ટનું આઈ ચૅક-અપ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧ જેટલા મોતિયાના પેશન્ટ ડિટેક્ટ થયા હતા.

આ કૅમ્પમાં પ્રૉજેક્ટ ચૅરમૅન રીટાબા સોલંકી, પ્રમુખ વૈશાલી જોષીની રાહબરી હેઠળ સૅક્રેટરી દક્ષા જાદવ, મિત્તલ રામા, સાધનાબેન પરમાર, સ્વાતિ ગોર વગેરે સભ્યોએ ખૂબ જ સુંદર સેવા આપી હતી. ધણપ ગ્રામ પંચાયતના સરપંચ તથા સહકારી મંડળીના ચૅરમૅન યુવરાજસિંહ રાણાનો સહયોગ આ કાર્યક્રમ માટે પ્રાપ્ત થયો હતો.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

## આજે નર્મદા કૅનાલ સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના ફોટોગ્રાફર્સ દ્વારા પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત નર્મદા કૅનાલ સફાઈ અભિયાન કાર્યક્રમ તા. ૧ નવેમ્બર ને રવિવારે સવારે ૯થી ૧૦ દરમ્યાન કોબા સર્કલથી ઈન્દિરા બ્રિજ જવાના રસ્તે આવતી નર્મદા કૅનાલ ખાતે યોજવામાં આવ્યો છે.

સર્વ પર્યાવરણપ્રેમીઓને સેવાના આ કાર્યમાં સહકાર આપવા ફોટોગ્રાફર નિકુંજ પી વૈશ્યક દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સર્જનાત્મક શક્તિનું શાનદાર પ્રદર્શન




ગાંધીનગર શહેરમાં સ્ટેચ્યુ ઑફ યુનિટીની પ્રતિકૃતિ એવી સરદાર વલ્લભભાઈ પટેલની ૩૦ ફૂટની પ્રતિમાના અનાવરણનો શનિવારે વહેલી સવારે યોજાયેલો કાર્યક્રમ ગાંધીનગરના ઈતિહાસમાં સ્થાન મેળવે એવો ભવ્ય અને અનેક રીતે યાદગાર બની રહ્યો. એનું ખાસ કારણ એ કે એમાં સર્જનાત્મક શક્તિનું શાનદાર પ્રદર્શન અનેક પક્ષકારો દ્વારા અનેક રીતે કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણી માટે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' વિષય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સૌથી શાનદાર પ્રદર્શન રહ્યું ગાંધીનગર શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનું, જેમણે એક કલાકનો શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને આ કાર્યક્રમને ન માત્ર પોતાના માટે પરંતુ સમગ્ર શહેર માટેય યાદગાર બનાવી દીધો.

પ્રાર્થના નૃત્ય, નાટક, વક્તવ્ય, સમૂહ નૃત્ય, અને ઝાકમઝોળ ગ્રાન્ડ ફિનાલેનો એવો તો દોર આ વિદ્યાર્થીઓએ ચલાવ્યો કે જોનારાં મોંમાં આંગળાં નાંખી ગયાં.

શહેરની અનેક શાળાનાં વિદ્યાર્થીઓ એમાં જોડાયાં. વસંતકુંવરબા વિદ્યાલય, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ટાવર બિલ્ડીંગ, ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલ, શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, શ્રી જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય, માઉન્ટ કાર્મેલ સ્કૂલ અને સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ અફલાતૂન કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. સમગ્ર કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓની સંખ્યા તો ૨૪૦૦ જેટલી!

કાર્યક્રમની અસરકારકતા એ બાબત પરથી સાબિત થાય છે કે, કાર્યક્રમ બાદ પોતાનું વક્તવ્ય શરૂ કરતાં જ મુખ્યમંત્રીએ કહેવું પડ્યું કે 'સરદાર વિશેની એટલી બધી વિગતો આ કાર્યક્રમ દ્વારા પ્રદર્શિત થઈ કે હવે સરદાર માટે મારે કશું બોલવાનું રહ્યું જ નહીં.'


તસવીર : દિપક જાની

આ ઉપરાંત શહેરની અનેક શાળાઓએ શહેરના રાજમાર્ગો ઉપર કાર્યક્રમ શરૂ થયા પહેલાં પ્રભાતફેરીનું આયોજન કર્યું હતું. સરદારની તસવીરો અને પ્લેકાર્ડ્સ સાથે આ પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. તો કાર્યક્રમ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ૨૦૦ જેટલા 'બાળ સરદાર' પણ વિવિધ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ જ હતા.

કાર્યક્રમમાં સાંસ્કૃતિક કૃતિઓ જ નહીં, પરંતુ કાર્યક્રમનું સંચાલન પણ બે વિદ્યાર્થીઓ દ્વારા, ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી નિવિદ દેસાઈ અને ફોરમ ભટ્ટ દ્વારા અસરકારી મંચ સંચાલન કાર્યક્રમને ચાર ચાંદ લગાવી ગયું.

સર્જનાત્મક શક્તિનું બીજું શાનદાર પ્રદર્શન સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટનું, જેણે આ કાર્યક્રમનું આયોજન કર્યું. ટ્રસ્ટ ગુજરાત સરકારનું અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ ટ્રસ્ટનાં અધ્યક્ષ.

આટલી મોટી સંખ્યામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ ભાગ લેવાના હોય ત્યારે એમને લાવવાથી માંડીને પરત પહોંચાડવા સુધી અને કાર્યક્રમના રિહર્સલ્સથી માંડીને શો કરાવવા સુધીની અનેક કામગીરીઓ, એમાં ટૅન્શન અને મુશ્કેલીઓ પણ ખરી. પણ એ બધુંય પાર પાડીને ગાંધીનગરના ઈતિહાસને એક યાદગાર કાર્યક્રમ ટ્રસ્ટે આપ્યો.

સર્જનાત્મક શક્તિનું ત્રીજું શાનદાર પ્રદર્શન રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું. સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવાની જરાય ઉતાવળ કરવાને બદલે વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલો કલાક લાંબો કાર્યક્રમ આરામથી નિહાળ્યો એ તો હકારાત્મક બાબત હતી જ પરંતુ એથીય આગળ વધીને એમણે જ્યારે પરફોર્મ કરનારા બધા જ વિદ્યાર્થીઓને પોતાના હસ્તે બિરદાવવાની વાત કરી ત્યારે તો ઉપસ્થિત સઘળા લોકોનાં મનમાં આનંદાશ્ચર્ય ફેલાઈ ગયું.

સુરક્ષા વ્યવસ્થાની ચિંતા કર્યા વિના આનંદીબેને બધા જ બાળકોને એક પછી એક ટીમવાઈઝ સ્ટેજ પર બોલાવ્યાં, એમને સ્મૃતિચિન્હ આપ્યું અને એમની સાથે તસવીરો પણ ખેંચાવી. આ કારણે વિદ્યાર્થીઓને અને એમના વાલીઓને જે પ્રોત્સાહન મળ્યું છે એ તેઓ ક્યારેય નહીં ભૂલે.

સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ પણ સાવ નોખી રીતે. ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલ, વસંતકુંવરબા વિદ્યાલય અને શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના છ વિદ્યાર્થીઓના હસ્તે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ. મુખ્યમંત્રી આરામથી પ્રતિમા પાસે ઊભાં રહ્યાં અને વિદ્યાર્થીઓએ પ્રતિમાનું અનાવરણ કર્યું. આ વિદ્યાર્થીઓમાં થાઈલૅન્ડથી આવેલા બે વિદ્યાર્થીઓ અને જાપાનથી આવેલો એક વિદ્યાર્થી પણ ખરો. આમ, ત્રણ શાળાના અને ત્રણ દેશના છ વિદ્યાર્થીઓના હસ્તે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પ્રતિમાનું અનાવરણ થયું. આનાથી એ વિદ્યાર્થીઓની શાળાઓ માટે તો આ ઘટના યાદગાર બની જ ગઈ પરંતુ અનાવરણ કરનારા વિદ્યાર્થીઓને તો જીવનનું સંભારણું મળી ગયું. આટલુંય ઓછું હોય એમ પ્રતિમાના અનાવરણ પછી મુખ્યમંત્રીએ આ છએય વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવ્યું ને એમ કરતાં તસવીરો પણ ખેંચાવી. આ ત્રણેય મુદ્દાઓ માટે આનંદીબેનને સલામ. એમણે આજે જે કર્યું છે એ અનેક હૃદયોમાં આજીવન કાયમ રહેશે.

સર્જનાત્મક શક્તિનું ચોથું શાનદાર પ્રદર્શન ગાંધીનગરના યુવાન કલાકારોનું. આ આખીય ઈવેન્ટનું સર્જન કરવાની અને વિદ્યાર્થીઓને નાટક, ડાન્સ વગેરેની તાલીમ આપવાની જવાબદારી નગરના સિનિયર નાટ્યકાર, લેખક અને ગૌરવપૂર્વક કહું છું કે, 'ગાંધીનગર સમાચાર'ના કટારલેખક, ગાંધીનગરની કલાને રાજ્યકક્ષાએ ગજવનાર કલાકાર કુંતલ નિમાવત અને સિનિયર કોરિયોગ્રાફર ભાઈ નીતિન દવેના ખભા ઉપર. નગરના યુવાન કોરિયોગ્રાફર્સની આખી ટીમ એમણે કામે લગાડી અને જે પરિણામ આપ્યું તે જોનારાઓનાં મન ઉપર અંકિત થઈ ગયું. કાર્યક્રમ અંતર્ગત સરદાર પટેલના જીવનકવન પર ભજવાયેલા નાટકનું લેખન અને દિગ્દર્શન પણ કુંતલ નિમાવતનું!

નગરના યુવા કલાકારોના અફલાતૂન સૌજન્ય અને નગરની વિવિધ સ્કૂલ્સના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને કલાની તાલીમ આપીને ભવ્ય અને યાદગાર એવા સાંસ્કૃતિક કાર્યક્રમની એક મનોહર માળામાં પરોવવા બદલ કુંતલ નિમાવત અને નીતિન દવેની બેલડી ઉપરાંત એમની સમગ્ર કોરિયોગ્રાફર ટીમને હૃદય ભરીને અભિનંદન!

લગે રહો દોસ્તો, મંઝીલે ઔર ભી હૈ આગે!